# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-03-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1. ભારતે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષનું સમાધાન સંવાદ અને રાજદ્વારીથી કરવાના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈત, કતર અને ઓમાનના વડાઓ સાથે ટૅલિફોનિક વાતચીત કરી.
3. તહેરાન અને બેરૂતમાં સૈન્ય ઠેકાણાઓ પર ઇઝરાયેલના હુમલા યથાવત્.
4. સંરક્ષણ મંત્રાલયે અદ્યતન હૅલિકૉપ્ટર અને વર્ટીકલ લૉન્ચ મિસાઈલની ખરીદી માટે પાંચ હજાર 83 કરોડ રૂપિયાના કરાર કર્યા.
5. ઑલ ઇંગ્લૅન્ડ ઑપન બેડમિન્ટન ચૅમ્પિયનશિપના મિશ્ર ડબલ્સમાં ભારતે મલેશિયાને હરાવ્યું.

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV MEA WEST ASIA

ભારતે પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષનું સમાધાન સંવાદ અને રાજદ્વારીથી કરવાના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, ભારત આ સંઘર્ષને ઝડપથી સમાપ્ત કરવાના પક્ષમાં છે. તેમણે દુર્ભાગ્યથી જીવ ગુમાવનારા લોકો પ્રત્યે ઉંડો શોક પણ વ્યક્ત કર્યો.

પ્રવક્તાએ કહ્યું, અખાતી ક્ષેત્રમાં અંદાજે એક કરોડ ભારતીય નાગરિક છે અને તેમની સલામતી તથા સુખાકારી તેમની ટોચની પ્રાથમિકતા છે. શ્રી જયસ્વાલે કહ્યું, આ સંઘર્ષ હાલના દિવસોમાં તીવ્ર થઈ અન્ય દેશમાં પણ ફેલાયો છે.

ભારતીય દૂતાવાસ અને વાણિજ્ય દૂતાવાસ અસરગ્રસ્ત દેશોમાં ભારતીય નાગરિકો અને સામુદાયિક સંગઠનો સાથે સતત સંપર્કમાં છે. આ સંઘર્ષમાં ફસાયેલા લોકોને શક્ય તમામ મદદ અપાઈ છે. સરકાર બદલતી સ્થિતિ પર ઝીણવટપૂર્વક નજર રાખશે અને રાષ્ટ્રીય હિતમાં યોગ્ય નિર્ણય લેશે તેમ પણ શ્રી જયસ્વાલે ઉંમેર્યું.

# PM KUWAIT QATAR OMAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-હમદ અલ મુબારક અલ-સબાહ સાથે ટૅલિફોન પર વાતચીત કરી. શ્રી મોદીએ કુવૈતના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના ઉલ્લંઘનની ટીકા કરી. તેમણે કહ્યું, ભારત આ મુશ્કેલ સમયમાં કુવૈતના લોકો સાથે છે.

શ્રી મોદીએ પ્રાદેશિક શાન્તિ અને સ્થિરતાને જાળવા રાખવામાં સંવાદ અને વ્યૂહરચનાના મહત્વ પર ભાર આપ્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કુવૈતમાં ભારતીય સમુદાયની સુરક્ષા અને સુખાકારી સુનિશ્ચિત કરવા કુવૈતના નેતૃત્વના સમર્થનની પ્રશંસા કરી.

શ્રી મોદીએ કતરના આમિર શેખ તમીમ બિન હમદ અલસાની સાથે કરેલી વાતચીતમાં કતર સાથે દ્રઢ એકતા વ્યક્ત કરી. તેમણે કતરના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના કોઈ પણ ઉલ્લંઘનની આકરી ટીકા કરી. શ્રી મોદીએ આ પડકારજનક સમયમાં ભારતીય સમુદાય માટે કતરના આમિરના સતત સમર્થન અને સંભાળ બદલ આભાર વ્યક્ત કર્યો.

શ્રી મોદીએ ઓમાનના સુલતાન હૈથમ બિન તારિક સાથેની વાતચીતમાં પશ્ચિમ એશિયામાં વર્તમાન ઘટનાઓ અંગે વિચાર-વિમર્શ કર્યો. બંને નેતાએ પ્રાદેશિક શાન્તિ અને સ્થિરતાની પુનઃસ્થાપના માટે સતત રાજદ્વારી જોડાણની જરૂરીયાત પર સંમતિ દર્શાવી.

# IRAN ISRAEL DRONE ATTACK

ઇરાન અને સંયુક્ત ઇઝરાયેલ–અમેરિકાના દળ દ્વારા મિસાઈલ તથા ડ્રોન હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સંઘર્ષ તીવ્ર બન્યો છે. નવા અહેવાલ મુજબ, હાલમાં ઈઝરાયેલ તહેરાન અને બેરૂતમાં સૈન્ય ઠેકાણાઓ પર એકસાથે લક્ષિત હુમલા કરી રહ્યું છે.

ઇઝરાયેલ સંરક્ષણ દળોએ જણાવ્યું, તેમના સૈનિક દક્ષિણ લેબનોનમાં અગ્રીમ સંરક્ષણ વ્યૂહરચના હેઠળ સરહદી ક્ષેત્રના નજીકના અનેક સ્થળ પર તહેનાત છે. ઇઝરાયેલ હિઝબુલ્લાના માળખા પર લક્ષિત હુમલો કરી રહ્યું છે. ઇઝરાયેલે આક્ષેપ લગાવ્યો કે, હિઝબુલ્લાએ ઈરાનના શાસન તરફથી તેમની પર હુમલો કરવાનો વિકલ્પ પસંદ કર્યો.

ઇઝરાયેલના હુમલામાં બેરુતમાં પેલેસ્ટાઈન ઇસ્લામિક જેહાદના કમાન્ડર અબુ હમઝા રામી ઠાર મરાયા છે.

અન્ય એક હુમલામાં ઇઝરાયેલી દળોએ બેરુતમાં હિઝબુલ્લાના ગુપ્તચર મુખ્યમથકના વડા હુસેન મકલદને પણ ઠાર કર્યા છે. ઉપરાંત અમેરિકાના કેન્દ્રીય કમાન્ડે જણાવ્યું, અમેરિકાની સેનાએ સતત અભિયાન ચલાવી ઇસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કૉરના કમાન્ડ અને નિયંત્રણ કેન્દ્ર, ઇરાનની વાયુ સંરક્ષણ ક્ષમતાઓ, મિસાઈલ અને ડ્રૉન પ્રક્ષેપણ સ્થળ તથા સૈન્ય વિમાન મથકોને નષ્ટ કર્યા છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં સૅન્ટકૉમે જણાવ્યું, અમેરિકા ઇરાન સામે નિર્ણાયક કામગીરી ચાલુ રાખશે. તો સાઉદી અરબના રિયાધમાં અમેરિકાના દૂતાવાસ પર પણ તહેરાનથી બે ડ્રોનથી હુમલો કરાયો. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે કહ્યું, અમેરિકા જવાબી કાર્યવાહી કરશે.

# REV PM WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત પોતાની મજબૂત અર્થવ્યવસ્થા સાથે વિશ્વ માટે આશાનું કિરણ બન્યું છે. આ સાથે જ ઝડપી આર્થિક વિકાસ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાનો આધાર બની ગયો છે. "આર્થિક વિકાસને સતત અને મજબૂત બનાવવા"ની વિષયવસ્તુ હેઠળ અંદાજપત્ર પછીના વેબિનારને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધતા શ્રી મોદીએ આજે સમગ્ર વિશ્વ વિશ્વાસપાત્ર અને સ્થિતિસ્થાપક ઉત્પાદન ભાગીદારોની શોધમાં છે. ભારત પાસે આ દિશામાં એક મહત્વની ભૂમિકા નિભાવવાની તક હોવાનું પણ શ્રી મોદીએ ઉમેર્યું.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) - ECONOMY

# DEFENCE CONTRACTS

સંરક્ષણ મંત્રાલયે ભારતીય તટરક્ષક માટે છ અદ્યતન નાના હેલિકૉપ્ટર MK-3 અને ભારતીય નૌકાદળ માટે જમીનથી હવામાં હુમલો કરનારી વર્ટીકલ લૉન્ચ મિસાઈલની ખરીદી માટે પાંચ હજાર 83 કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા. નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશકુમાર સિંહની ઉપસ્થિતિમાં આ કરાર કરાયા હતા.

અદ્યતન નાના હેલિકૉપ્ટર અને સંચાલન ઉપકરણ માટે બે હજાર 901 કરોડ રૂપિયાના આ કરાર પર બેંગ્લુરુના હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે હસ્તાક્ષર કર્યા છે. આ બે એન્જિન ધરાવતા હેલિકૉપ્ટર વર્તમાનમાં સંચાલિત હવાઈ પ્લેટફોર્મથી અનેકગણા અદ્યતન સુવિધાથી સજ્જ છે. તેના થકી કૃત્રિમ ટાપુઓ, દરિયાકિનારાના સ્થાપનો અને માછીમારોની સુરક્ષા તથા દરિયાઈ પર્યાવરણની સુરક્ષા માટે ભારતીય તટરક્ષકની ક્ષમતામાં નોંધપાત્ર વૃદ્ધિ થશે.

# INDIAN EMBASSY IRAN

તહેરાનમાં વધતા જોખમને લઈ ઈરાનમાં ભારતીય દૂતાવાસે તહેરાનમાં રહેતા મોટા ભાગના તમામ ભારતીય વિદ્યાર્થીઓને સલામત સ્થળ પર મોકલી દીધા છે. દૂતાવાસે જણાવ્યું કે, આ લોકોના પરિવહન, ભોજન અને આવાસની વ્યવસ્થા કરવામાં આવી છે.

દૂતાવાસે ઈરાનમાં હાજર અન્ય ભારતીય વિદ્યાર્થીઓ અને ભારતીય નાગરિકોને જ્યાં છે ત્યાં જ રહેવા, શક્ય તેટલું ઘરની અંદર રહેવા અને બારીથી દૂર રહેવા આગ્રહ કર્યો છે. તેમને સાવચેતી રાખવા અને વિરોધ પ્રદર્શનવાળા ક્ષેત્રથી દૂર રહેવા પણ જણાવાયું છે.

દરમિયાન એર ઇન્ડિયાની પહેલી ફ્લાઇટ 149 મુસાફરો અને આઠ ઑપરેટિંગ ક્રૂ સભ્યોને લઈને આજે દુબઈથી નવી દિલ્હી પહોંચી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PETROLEUM MINISTRY WEST ASIA

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને વૈશ્વિક ઉર્જા ક્ષેત્રે થઈ રહેલા પરિવર્તન વચ્ચે સરકારે ઉર્જા સ્ત્રોતમાં વિવિધતા લાવીને ભારત માટે ઉર્જાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે જણાવ્યું, ભારત વૈશ્વિક સ્તરે પેટ્રોલિયમ વસ્તુઓનો ત્રીજો સૌથી મોટો આયાતકાર, ચોથો સૌથી મોટો શુદ્ધિકરણ કરનારો અને પાંચમો સૌથી મોટો નિકાસકાર છે. દેશ પાસે વર્તમાન સ્થિતિને પહોંચી વળવા પૂરતો ઉર્જા પૂરવઠો છે.

મંત્રાલયે જણાવ્યું, ભારત પાસે ટૂંકાગાળાના વિક્ષેપનો સામનો કરવા કાચા તેલ અને પેટ્રોલ, ડીઝલ તથા ATF સહિત મુખ્ય પેટ્રોલિયમ વસ્તુઓનો પણ પૂરતો પૂરવઠો છે. પશ્ચિમ એશિયા ક્ષેત્રમાં સર્જાયેલી સ્થિતિને જોતા મંત્રાલયે સમગ્ર દેશમાં પેટ્રોલિયમ વસ્તુઓના પૂરવઠા અને તેની સ્થિતિ પર સતત દેખરેખ રાખવા તથા ભારતીય ગ્રાહકોના હિતની રક્ષા માટે એક નિયંત્રણ કક્ષ પણ બનાવ્યું છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી હરદીપ સિંઘ પૂરીએ વર્તમાન સ્થિતિઓમાં દેશની તૈયારીઓ અંગે માધ્યમોને માહિતી આપી.

# NEPAL ELECTION

નેપાળમાં આ ગુરુવારે એક કરોડ 80 લાખથી વધુ નેપાળના નાગરિક પોતાના નેતાની પસંદગી કરવા મતદાન કરશે. ચૂંટણી માટેની તમામ તૈયારી પૂર્ણ થઈ ગઈ છે.

(VOICECAST: SHWETA SINGH)

# EVE BADMINTON

યુનાઇટેડ કિંગ્ડમના બર્મિંઘમમાં ઑલ ઇંગ્લૅન્ડ ઑપન બેડમિન્ટન ચૅમ્પિયનશિપની મિશ્ર ડબલ્સમાં ભારતનો વિજય થયો. ભારતીય ખેલાડી ધ્રુવ કપિલા અને તનીષા ક્રાસ્ટોએ મલેશિયાના પાન્ગ રૉન અને ચૅન્ગ સુ યિનને 21–17, 21–19થી હરાવ્યાં. જ્યારે મહિલા સિંગલ્સમાં ચૅન યુફેઈ–એ માલવિકા બન્સોડને 21–11, 21–6થી પરાજય આપ્યો. હવે સાંજે ઉન્નતિ હુડા પોનપાવી ચોચુ–વોન્ગ સામે રમશે.

તો, મહિલા ડબલ્સમાં ત્રિશા જૉલી અને ગાયત્રી ગોપીચન્દનો મુકાબલો સાયકા હિરોટા તથા અયાકો સકુરા-મોતો સામે થશે.